મહેરબાન સુરતના એડી. સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં,

રૂમ નં.૦૨, ફાસ્ટ ટ્રેક કોર્ટ બિલ્ડીંગ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ, અઠવાલાઈન્સ, સુરત.

દીવાની પરચુ.અરજી નં. : ૪૮/૨૦૨૫

વાદી : હિમાંશુ ગુલાબદાસ ખસી...

વિરૂધ્ધ

પ્રતિવાદી : સંદિપ ગુલાબદાસ ખસી વિગેરે...

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવાનું કે, અરજદાર પોતે તથા મહુર્મ ગુલાબદાસ નગીનદાસ ખસીના સંયુક્તના નામે ધી પીપલ્સ કો.ઓ.બેંક લિ., વસુધારા, પારસી શેરી, નવાપુરા, સુરત મુકામે લોકર ખાતા નં. ૨૮૮૯ ધારણ કરતા હતા અને અરજદારના પિતાશ્રીનું અવસાન થતા અરજદાર સાથે તેઓની માતૃશ્રી નામે ઈશ્વરીબેન ગુલાબદાસ ખસીનું પણ નામ દાખલ કરવામાં આવેલ પરંતુ અરજદારના માતૃશ્રી પણ અવસાન પામેલ છે. જેથી અરજદારે પિતા ગુલાબદાસ નગીનદાસ ખસી તેમજ માતૃશ્રી નામે ઈશ્વરીબેન ગુલાબદાસ ખસીના વારસદાર તરીકે વારસા સર્ટીફિકેટ મેળવવા સદર વારસા અરજી કરેલ છે.

જો આ અરજી વિરૂધ્ધ જે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફત તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહી વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળીને કાયદા મુજબ અરજીનો નિકાલ કરશે, જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૨ માહે ઓગસ્ટ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર - સહી/- (વી.વી.ગોપાણી) આસીસ્ટન્ટ એડી.સીની.સીવીલ કોર્ટ,સુરત.

મુકાબલ કરનાર-સહી/- (એન.એમ.મકવાણા) સુપ્રિન્ટેન્ડેન્ટ એડી.સીની.સીવીલ કોર્ટ,સુરત.

કોર્ટનો સિક્કો

હુકમથી, - સહી/- (આર.કે.પરમાર) રજીસ્ટ્રાર, એડી.સીની.સીવીલ કોર્ટ, સુરત.

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ **ઓલપાડ,** મોજે ગામ **કંથરાજ** નાં **બ્લોક નં.૯,** કે જે સીટી સર્વે ઓફિસ **ઓલપાડ** ના સીટી સર્વે વોર્ડ **કંથરાજ (બિનખેતી)** દફતરે સીટી સર્વે નં. **NA9** થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન કે જેનું સીટી સર્વે મુજબનું ક્ષેત્રફળ **૧૭૫૦૩ ચો.મી.** થાય છે, જે જમીનના એકલા માલીક અને કબ્જેદાર તરીકે **કિષ્નાપાર્ક કો.ઓ.હા.સો. ના પ્રમુખ મહેન્દ્રભાઈ છગનભાઈ ઘોરી** ચાલી આવેલ છે. મજકુર જમીન હમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, જેથી ઉપરોકત જમીન બાબતે કોઈપણ વ્યકિત કે સંસ્થા, બેંકનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિત, ગણોત હકક, બોજો, લીયન, ભરણપોષણ વિગેરે હોય તો તેઓએ તેનાં હકક બાબતે દસ્તાવેજી પુરાવા સહિત દિન–૭ માં અમોને લેખીત જાણ કરવી. ઉપરોકત મુદત વિત્યે કોઈનો કાંઈપણ પ્રકારનો વાંધા–વિરોધ, તર–તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની મુળ જમીન માલીકોને પુરેપુરો વેચાણ અવેજ ચૂકવીને સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ અમારા અસીલના નામે કરી કરાવી લેવામાં આવશે. તથા સદરહું મિલકતનું હમો એડવોકેટસ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહું મિલકત ઉપર અમારા અસીલનો હકક રહેશે. જેની આથી આ જાહેર નોટીસને લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૦૯–૦૮–૨૦૨૫
ઓફિસ : ૩૨૮, લક્ષ્મી એન્કલેવ–૧, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત, મો. ૮૪૬૦૨ ૦૮૯૦૨

અસીલની સુચના અને ફરમાઈશથી
સાગર આર. ભાયાણી
એડવોકેટ

જિ.સુરત, તા.ઓલપાડ, મોજે : સીથાણા ગામના બ્લોક નં. ૧૩૨, જુના સર્વે નં.૬૪/૨ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **જિ.સુરત, તા.ઓલપાડ, મોજે: સીથાણા ગામના બ્લોક નં.૧૩૨, જુના સર્વે નં.૬૪/૨ વાળી જમીન,** જેનું ક્ષેત્રફળ ૧૩૨૫૪ ચો.મી. છે તે જમીન **શાંતીબેન વલ્લભભાઈ**ના નામે ચાલી આવેલ છે. સદરહુ જમીન કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલા છે તેમજ સદરહુ જમીન અમારા અસીલ ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. જેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજ, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની મારા અસીલ સદરહુ જમીનના માલિક પાસેથી કાયદેસરના લખાણો/દસ્તાવેજ કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તર–તકરાર,દાવો, ફરિયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.૦૯–૦૮–૨૦૨૫

૧૦૦૨-૧૦૦૩, વાઈટ ઓર્ચિડ, સેલ પેટ્રોલ પંપની પાસે, વિવાન્ટા આઈકોનની સામે, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯. ફોન નં. ૦૨૬૧-૨૭૩૪૧૪૩ મો.નં. ૯૮૨૫૪-૧૪૧૪૩

સમીર સી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગે જાહેર નોટીસ

મોજે ઈંટાળવા ના બ્લોક નં. ૩૦/અ/અ/ સબપ્લોટ ૨ વાળી જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૩૧/ઈ થી ૩૫/ઈ તથા ૩૬/એફ વાળી મિલકતો અંગે

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા પલસાણા, **મોજે ગામ ઈંટાળવા** ના **બ્લોક નં. ૩૦/અ/અ/ સબપ્લોટ ૨** થી નોંધાયેલી બિનખેતીની જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ૩૧/ઈ થી ૩૫/ઈ** તથા **પ્લોટ નં. ૩૬/એફ** ખુલ્લા પ્લોટોવાળી મિલકતના એકલા સ્વતંત્ર, સંપૂર્ણ માલીક, કબજેદાર **નિલમ મનોજ અગ્રવાલ, વંદના કમલ અગ્રવાલ** તથા **વિનીતા સંજય અગ્રવાલ** ચાલી આવેલ હોવાનું તથા સદરહુ પ્લોટોના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ સદરહુ પ્લોટો અમારા અસીલને તમામ બોજાથી મુકત ટાઈટલ કલીયર વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી સદરહુ પ્લોટો ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હકક હિત, હિસ્સો, લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો તે અંગેના લેખિત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૧૦** માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ પ્લોટો ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું શુધ્ધબુધ્ધિપુર્વક માનીને સદરહુ પ્લોટોના રજી.વેચાણ દસ્તાવેજો અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર–તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૦૯/૦૮/૨૦૨૫
ઠેકાણું : બી/૭૦૭–૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.

ઝીણાભાઈ જી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

ખરીદનાર સાવધાન તથા જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડિસ્ટ્રીકટ તાલુકો ચોર્યાસીનાં મોજે **ગામ : દામકા**નાં **બ્લોક નં. ૪૯–૨** વાળી જુની શરતની જમીન જેનું **ક્ષેત્રફળ ૦ હેકટર ૭૭ આરે ૯૦ ચો.મી.** છે. જેનો **આકાર રૂા. ૦૩.૯૪ પૈસા** છે તે જમીન અમારા અસીલો **(૧) નર્મદાબેન તે બાલુભાઈ જેરામભાઈ પટેલની વિધવા, (૨) અનિલભાઈ બાલુભાઈ પટેલ, (૩) દિપકભાઈ બાલુભાઈ પટેલ**ની સહિયારી માલિકી કબજા ભોગવટા વહીવટ હેઠળની ચાલી આવેલ છે. સદરહુ જમીનોની સ્થળ ઉપર કોઈ વહેંચણી કરવામાં આવેલ નથી. તેમ છતાં અમારા અસીલોને જાણવા મળેલ છે કે સદરહું જમીનના રેવન્યુ રેકર્ડમાં (૧) વિનોદભાઈ ભુલાભાઈ, (૨) ચંપકભાઈ ભુલાભાઈ, (૩) મનુબેન ભુલાભાઈ, (૪) દીપિકાબેન તે હરીશભાઈ પટેલની પુત્રી તે નયનભાઈ પટેલની પત્ની, (૫) મનિષભાઈ હરીશભાઈ પટેલ, (૬) કલ્પનાબેન તે હરીશભાઈ પટેલની પુત્રી તે કિરીટકુમાર પટેલની પત્નીનાં નામો ચાલી આવેલ હોવાથી અમારા અસીલોની જાણ બહાર તેઓ અમારા અસીલોની સહિયારી જમીનનો વણવહેંચાયેલ હિસ્સો અન્યોને વેચાણ કરવા માટે ફરી રહેલ છે. અમારા અસીલોએ તઓના કાકાઓ, ભાઈઓ, તથા બહેનોને તેઓના વણવહેંચાયેલ હિસ્સાની જમીનો વેચાણ કરવા કે તેમાં અન્ય કોઈ ત્રાહિતના હકકો ઉભા કરવા માટે કોઈ સહીં સંમતિ આપેલ નથી. જેથી (૧) વિનોદભાઈ ભુલાભાઈ, (૨) ચંપકભાઈ ભુલાભાઈ, (૩) મનુબેન ભુલાભાઈ, (૪) દીપિકાબેન તે હરીશભાઈ પટેલની પુત્રી તે નયનભાઈ પટેલની પત્ની, (૫) મનિષભાઈ હરીશભાઈ પટેલ, (૬) કલ્પનાબેન તે હરીશભાઈ પટેલની પુત્રી તે કિરીટકુમાર પટેલની પત્ની પાસેથી સદરહુ જમીન કોઈ પણ રીતે ખરીદ કરવી નહીં કે કોઈ વ્યકિત કે સંસ્થાએ અમારા વણવહેંચાયેલ હિસ્સાની જમીનો બાબતે કોઈ પણ પ્રકારનાં વેચાણ અંગેના કે અન્ય કોઈપણ પ્રકારનાં ટ્રાન્સફર અંગેના લખાણો કે વ્યવહારો કરવા કરાવવા નહિ. તેમ છતાં જો કોઈ ઈસમો સદરહું જમીન ખરીદ કરશે કે કોઈ પણ પ્રકારનાં ટ્રાન્સફર અંગેના લખાણો કરશે તો તેઓને કોઈ પણ પ્રકારના કાયદેસરના હકકો પ્રાપ્ત થશે નહીં અને તકરાર સિવાય કંઈ પણ મળશે નહી. તેમજ ખોટા બચાવો પણ ચાલશે નહીં. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

સ્થળ : સુરત
(તા.૦૯/૦૮/૨૦૨૫)
ઓફીસ :
એ–૧૦૫/૧૦૬, અંજની એમ્બ્રોસીયા, આશુતોષ નગરીની સામે, જહાંગીરપુરા મેઈન રોડ, જહાંગીરપુરા, સુરત.

અમારી મારફત
હિરેનસિંહ એ. કંથારીયા
મનન એમ. પટેલ
તે નર્મદાબેન તે બાલુભાઈ જેરામભાઈ પટેલની વિધવા વિગેરેના એડવોકેટસ
મો.નં. ૯૭૨૬૯ ૮૫૧૮૫

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

સચીન શાખા : દુકાન નં.૬ અને ૭, સ્વસ્તીક પ્લાઝા, સુરત–નવસારી રોડ, તા.ચોર્યાસી, સચીન, સુરત–૩૯૪૨૩૦
ફોન : ૦૨૬૧–૨૩૯૨૨૨૯ e-mail : sachin@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી નંદલાલ બચુભાઈ ગંગેરા તે બચુભાઈ ગંગેરા ના પુત્ર (જામીનદાર),**
૧૦૧, કુબેર નગર–૧, કતારગામ રોડ, સુરત – ૩૯૫૦૦૪.

સંદર્ભ: સિકયોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ શ્રી પ્રફુલભાઈ કાનજીભાઈ અજાની (દેવાદાર) અને શ્રીમતી અજાની નીમુબેન પ્રફુલભાઈ તે શ્રી પ્રફુલભાઈ કાનજીભાઈ અજાની ના પત્ની (સહ–દેવાદાર) ને નોટીસ, હવે પછી અહીં 'ધી એકટ' તરીકે ઉલ્લેખાશે,

મહેરબાનશ્રી,

વિષય : શ્રી પ્રફુલભાઈ કાનજીભાઈ અજાની (દેવાદાર) અને શ્રીમતી અજાની નીમુબેન પ્રફુલભાઈ તે શ્રી પ્રફુલભાઈ કાનજીભાઈ અજાની ના પત્ની (સહ–દેવાદાર) (ખાતા નં. ૦૨૭૭૦૬૦૦૦૦૨૫૦૧) દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે.

૧) તમને ખબર છે તે પ્રમાણે તમે **તા.૧૨.૦૩.૨૦૧૯** ના રોજ તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી પ્રફુલભાઈ કાનજીભાઈ અજાની (દેવાદાર) અને શ્રીમતી અજાની નીમુબેન પ્રફુલભાઈ (સહ દેવાદાર)** ની પાસેથી **રૂા.૧૩.૦૦ લાખ** તેના ઉપરના વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચે મુજબ ની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.

૨) અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી **તા.૩૧.૦૭.૨૦૨૫** ના રોજ જામીનદારને સકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, જેમાં દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકીની લોન/કેડિટ ફેસીલીટી બાકી રકમ **રૂા.૧૧,૮૩,૫૦૩.૦૧/– (અંકે રૂપિયા અગીયાર લાખ ત્યાંશી હજાર પાંચસો સાત અને એક પૈસા પુરા) + ચક્રવૃદ્ધિ વ્યાજ અને તેના અન્ય ચાર્જીસ** અને અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે ટર્મ લોન એકાઉન્ટ માં પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૩૧.૦૭.૨૦૨૫** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).

૩) અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.

૪) અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૫) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૩૧.૦૭.૨૦૨૫, સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સચીન શાખા.

વેચાણ/ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનું કે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/મિલકત (૧) શાંતાબેન લક્ષ્મીરામ, (૨) મંગીબેન લક્ષ્મીરામ, (3) જેલીબેન લક્ષ્મીરામ તથા (૪) રુખીબેન લક્ષ્મીરામ નાઓ વતી રોહિતભાઈ મગનભાઈ પટેલ નાએ પોતાની માલીકી, કબજા ભોગવટાની અને યોખ્યા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી જરૂરી પરવાનગી મેળવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઈપણ વ્યકિત કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઈપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હકક, હિત, હિસ્સો, ઈઝમેન્ટરાઈટસ, વારસાહકક કે દરદાવો, અધીકાર યા વાંધો–વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ, તર–તકરાર, લાગભાગ, હકક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હકક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુધ્ધબુધ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી અને તેની કોઈપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડીસ્ટ્રીકટ.સુરત, સબ ડીસ્ટ્રીકટ/તાલુકો.કામરેજ, ના મોજેગામ.ધોરણપારડી, ના ખાતા નં.૩૧૩, રે.સર્વે નં.૫૪, ૫૫/૧, જુનો બ્લોક નં.૩૫૨, રી.સર્વે નવો બ્લોક નં.૧૧૧, વાળી પ્ર.સ.પ. સત્તાપ્રકાર ની ખેતીની જમીન. જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે.૧–૦૮–૩૦ ચો.મી. છે. જેનો આકાર રૂા.૧૪.૩૩ પૈસા છે. જે ખેતીની જમીન તેને લાગુ તમામ હકક, હિત, હિસ્સા સહીત કુલ્લે દુરોબસ્ત. તા.૦૯/૦૭/૨૦૨૫

અમારી સુચના થી... અનુક્રમ નં.(૧) શાંતાબેન લક્ષ્મીરામ, (૨) મંગીબેન લક્ષ્મીરામ, (3) જેલીબેન લક્ષ્મીરામ, તથા (૪) રુખીબેન લક્ષ્મીરામ નાઓ વતી રોહિતભાઈ મગનભાઈ પટેલ

ઓફીસ : એ/૫૧૦, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

મારી મારફત **મહેન્દ્ર પટેલ**
એડવોકેટ

જાહેરાત

પોલીસ અધિક્ષકની કચેરી, નવસારી દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જિલ્લાની શાળા/કોલેજો/સંસ્થાઓની કુલ-૩૩૦૦ વિદ્યાર્થીનીઓ/મહિલાઓને સ્વરક્ષણ (કરાટે, ટેક્વોન્ડો, જુડો) ની બેઝિક તાલીમ આપવાની હોય તે તાલીમ આપવા માટે સરકારશ્રી દ્વારા નકકી થયેલ એસ.ઓ.પી. મુજબની લાયકાત ધરાવતી સંસ્થાઓએ પોલીસ અધિશ્રકક્ષ્રીની કચેરી નવસારી (સુરક્ષા સેતુ સોસાયટી) ખાતેથી એસ.ઓ.પી. સાથેનું ટેન્ડર ફોર્મ તા.૧૨/૦૮/૨૦૨૫ સુધીમાં મેળવી લેવા. ટેન્ડર-ફી પેટે રૂ.૧૫૦૦/- નો ડી.ડી. રાષ્ટ્રીયકૃત બેંકનો પોલીસ અધીક્ષક નવસારીના નામનો જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફોર્મ ભરી તા.૧૪/૦૮/૨૦૨૫ સુધીમાં ઉકત સ્થળે જ જમા કરાવવાના રહેશે.

સ્થળ:- નવસારી

(સુશિલ અગ્રવાલ)
પોલીસ અધિક્ષક
નવસારી

માહિતી/નવસારી/૨૯૫/૨૦૨૫

નોટીસ નં. ૦૧ (૨૦૨૫-૨૦૨૬) સુધારો - ૧

પંચાયત (મા.મ.) વિભાગ, સુરત

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર પંચાયત (મા.મ.) વિભાગ, સુરત, દયાળજી બાગ સામે, નાનપુરા, સુરત. ફોન નં. (૦૨૬૧) ૨૪૭૬૮૯૪ ની કચેરીએથી કન્સલટન્સી સર્વિસ ફોર કવોલીટી મોનીટરીંગ અને કવોલીટી અસ્યોરન્સ ફોર રોડ અને બ્રિજ વર્કસ અન્ડર પંચાયત (આર એન્ડ બી) સર્કલ સુરત રીક્વેસ્ટ પ્રોપોઝલના કામની ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તા.૨૫/૦૮/૨૦૨૫ રાખવામાં આવેલ છે.

કમાંક : માહિતી-સૂરત/૬૫૧/૨૦૨૫

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ સુરતસીટી–૯ (અબ્રામા), તાલુકા સુરતસીટી (અબ્રામા), શહેર સુરતના **મોજે ગામ ગોથાણ** ના **રેવન્યુ સરવે/બ્લોક નં.૩૭૬/અ/૨** થી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનુ રેવન્યુ રેકર્ડ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૦–૧૮–૨૦ ચો.મીટર યાને ૧,૮૨૦ ચો.મીટર વાળી જમીન સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૪૬ (ગોથાણ – ભરથાણા કોસાડ – કોસાડ – વરીયાવ) માં થવાથી સદરહુ જમીનને ફાયનલ પ્લોટ નં. ૮૮ ફાળવવામાં આવેલ જેનુ ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૦૯૨ ચો.મીટર વાળી બિનખેતીની જમીનના માલિક મુખત્યાર અને કબજેદાર તરીકે **(૧) વાલજીભાઈ મનજીભાઈ પટેલ, (૨) મહેશભાઈ ગોરધનભાઈ લખાણી, (3) હાર્દિકકુમાર ગોરધનભાઈ લખાણી** ચાલી આવેલા છે અને સદરહુ મિલકત કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલ સદરહુ મિલકત ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન–૭** માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ મિલકતના માલિકો પાસેથી કાયદેસરના લખાણો / દસ્તાવેજો કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તર–તકરાર, દાવો, ફરિયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.૦૯/૦૮/૨૦૨૫

ઓફિસ : ૪૦૩, ઝીરકોન પ્લસ, પટેલ સમાજની વાડી સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત–૪, મો. ૯૮૨૪૮ ૮૨૭૮૫, ૯૫૭૪૬ ૩૮૦૦૦

અસીલની સુચના અને ફરમાઈશથી
વિનોદરાય ડી. પટેલ
એડવોકેટ & નોટરી

મોજે તાંતીથૈયા ના બ્લોક નં. ૭૨ પૈકી માં પ્લોટ નં. ૫,૬,૭ વાળી મિલકતોની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિ. સુરત, તા. પલસાણા, **મોજે તાંતીથૈયા** ના રે.સર્વે નં. ૫૦ તથા ૧૧૭, **બ્લોક નં. ૭૨** વાળી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૫ (ક્ષે. ૭૨૦.૦૦ ચો.મી.)** ના માલિક **મહેન્દ્ર ઈશ્વરલાલ માટલીવાલા** રહે. ૭, મદવ વિલા, સિટી લાઈટ, સુરત, **પ્લોટ નં. ૬ (ક્ષે. ૪૯૭.૦૦ ચો.મી.)** ના માલિક **સૂર્યકાન્ત મનસુખલાલ માટલીવાલા,** રહે. એ-૭/૨ આર ડી પાર્ક, અલથાણ, સુરત અને **પ્લોટ નં. ૭ (ક્ષે. ૫૫૧.૦૦ ચો.મી.)** ના માલિક **હસમુખરામ ફરસરામ માટલીવાલા,** રહે. ૨/૩૨૪૪, અનાવિલ શેરી, સગ્રામપુરા, સુરત નાઓએ સદરહુ મિલકતો પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સદર મિલકતો અંગે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક-હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ યા અન્ય પ્રકારના કોઈપણ જાતના હકક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭** માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહીં આવે તો મજકુર મિલકતો અંગે કોઈના કોઈપણ પ્રકારનાં હકકો રહેલ નથી અને હોય તો તે જતાં કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદર મિલકતોનો કાયદેસરનો સંપૂર્ણ વેચાણ